# -: સૌ રા ષ્ટ્ર યુ નિ વ ર્સિ ટી :-

પ રિ પ ત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના દરેક વિભાગના વડાઓ/ ભવનોના વડાઓ–અધ્યક્ષશ્રીઓ/નિયામકશ્રીઓને આથી જણાવવાનું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માન. કાર્યકારી કુલપતિશ્રી ડો.કમલભાઈ ડોડીયાના અધ્યક્ષ સ્થાને એક બેઠક યોજાયેલ હતી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ વહીવટી વિભાગોના વડાઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં રાજકોટ સ્થિત અખબારો, ટી.વી. ચેનલો, ન્યુઝ એજન્સીઓ અને વિવિધ પ્રકારના સાપ્તાહિક, પાક્ષિક, માસિક અખબારો–મેગેઝીનો માટે યુનિવર્સિટીના હકારાત્મક સમાચારો પ્રચાર–પ્રસાર માધ્યમો વડે વિદ્યાર્થીઓ, કોલેજ સંચાલકો, વાલીઓ અને જનતા સુધી પહોંચે તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસના વિવિધ ભવનોમાં થતાં સેમીનાર, કોન્ફરન્સ, સંશોધનાત્મક પ્રવૃતિઓ સહિતના અનેકવિધ કાર્યક્રમો સંકલિત રીતે કોઈ ચોકકસ કેન્દ્રીત વ્યવસ્થા ધ્વારા અખબારો સુધી અખબારી યાદીઓ પહોંચે તે માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નાયબ કુલસચિવશ્રી(લીગલ)ને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રચાર–પ્રસાર વિભાગની સંકલનની જવાબદારી સોંપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આ અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓએ ભવનોમાં થનાર કાર્યક્રમોની વિસ્તૃત વિગતો , નિમંત્રણ કાર્ડ અને કાર્યક્રમના સંદર્ભની જે કાંઈ માહિતીઓ હોય તે ટાઈપ કરાવીને સંદર્ભિત માહિતી સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લીગલ વિભાગમાં બપોરે ૩–૩૦ વાગ્યા સુધીમાં પહોંચતી કરવાની રહેશે તેમજ સદરહુ માહિતી સોફટ કોપી(Soft Copy)માં તેમજ email id. legal@sauuni.earnet.in અને email id registrar@sauuni.earnet.in) ઉપર પણ મોકલી આપવાની રહેશે જેથી અખબારી યાદીના સંદર્ભમાં સંબંધકર્તા ભવનની અખબારી યાદી તૈયાર કરવાની સાથે કોઈ વિશેષ માહિતી–જાણકારીની જરૂરીયાત હોય તો વિભાગ/ભવનના વડા/સંબંધકર્તા કાર્યક્રમના ઈન્ચાર્જ સાથે વિચાર વિમર્શ કરી અખબારી યાદી વધુ સારી રીતે તૈયાર થઈ શકે અને સમયમર્યાદામાં રાજકોટના અખબારોમાં અખબારી યાદી મેઈલ ધ્વારા અને ફેકસ ધ્વારા તમામ અખબારોમાં અને ન્યુઝ ચેનલોને મોકલી શકાય.

અખબારી યાદી તૈયાર કરતા પહેલા ભવનમાં યોજાતા કાર્યક્રમની વિસ્તૃત નોંધમાં કાર્યક્રમનું સ્વરૂપ, ફંડીગ એજન્સી, કાર્યક્રમનો વિષય, કાર્યક્રમના ઈન્ચાર્જ અને વિશિષ્ટ પ્રકારના મહાનુભાવો ઉપસ્થિત રહેવાના હોય તો તેમનો વિસ્તૃત ફોટા સાથેનો પરિચય, કાર્યક્રમના પાડવામાં આવેલા ફોટોગ્રાફસ પણ સમયસર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લીગલ વિભાગ સાથે સંકલનમાં રહીને મોકલી આપવાની વ્યવસ્થા કરવાની રહેશે. કાર્યક્રમ પૂર્ણ થયે શકય હોય તો યુનિવર્સિટીના કાર્યક્રમમાં ફોટોગ્રાફી કરવા આવેલ ફોટોગ્રાફર યુનિવર્સિટીના લીગલ વિભાગમાં સંપર્ક સાધીને સંકલનમાં રહે તેવી સુચના આપવી.

-: ૨ :-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં થતી સંશોધનાત્મક પ્રવૃતિઓ, શૈક્ષણિક પ્રવૃતિઓના સંદર્ભમાં અખબારોના માધ્યમથી વિસ્તૃતં માહિતીઓ વિદ્યાર્થીઓ, વાલીઓ, સંચાલકો અને જનતા સુધી પહોંચે તે માટે કાર્યક્રમો ઉપરાંત પણ આ પ્રકારના સમાચારો અખબારોમાં આપવા જેવા લાગતા હોય તો નાયબ કુલસચિવ(લીગલ) સાથે સંકલન કરી આ પ્રકારની અખબારી યાદીઓ તૈયાર કરી અખબારોને મોકલી શકાય. યુનિવર્સિટીમાં શૈક્ષણિક સંશોધનાત્મક , વિદ્યાર્થી પ્રવૃતિઓ અને ઈતર પ્રવૃતિઓ દરેક ભવનોમાં સમગ્ર વર્ષ દરમ્યાન નિરંતર થતી રહે છે. તેથી આ પ્રયાસથી અખબારોમાં હકારાત્મક ન્યુઝના માધ્યમથી યુનિવર્સિટીની છબી વધુ સારી બનાવવામાં આપણે સૌ પ્રયત્નશીલ રહીએ તે દિશામાં વિચારવા અને આયોજન કરવા વિનંતી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ ભવનોના વડાઓ અને વહીવટી વિભાગના વડાઓને જણાવવાનું કે ભવનની કે વિભાગની કોઈપણ માહિતીના સંદર્ભમાં માહિતી કે અન્ય કોઈ પુછપરછના સંદર્ભમાં અખબારો સાથે પ્રત્યક્ષ વાર્તાલાપ કરવાનો નથી. યુનિવર્સિટી વતી અખબારોને માહિતી અથવા અખબારી યાદીના સંદર્ભમાં ફકત નાયબ કુલસચિવશ્રી(લીગલ) પ્રચાર માધ્યમો સાથે સંકલનમાં રહેશે અને વિશેષ માહિતી માટે અખબારો માન. કુલપતિશ્રી, માન. કુલસચિવશ્રીનો સંપર્ક સાધશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વહીવટી વિભાગના વડાઓએ પોતાના વિભાગને લગતી વિવિધ સમિતિઓની બેઠકોની વિસ્તૃત જાણકારી વાળી નોંધ તૈયાર કરી નાયબ કુલસચિવ(લીગલ) ને બેઠકના દિવસે જ બેઠક પૂર્ણ થયા બાદ તુર્તજ મોકલી આપવાની રહેશે. સામાન્ય રીતે અખબારોમાં સમાચારનું કવરેજ આપવાની તંદુરસ્ત હરીફાઈ હોવાના કારણે કોઈપણ અખબારોમાં આપણી મેટર અન્ય કોઈ માધ્યમથી છપાઈ જાય તો અન્ય અખબારોમાં નારાજગીની શકયતાઓ રહે છે. તેથી વિવિધ વિભાગ/ભવનોના વડાઓ આ સંદર્ભમાં વ્યાજબી કાળજી રાખી કાર્યક્રમનું આયોજન કરતી વેળાએ યોગ્ય રીતે પ્રચાર–પ્રસારનો અસરકારક લાભ લઈ શકાય તે હેતુથી અખબારી યાદી સારી રીતે તૈયાર થાય તે માટે વ્યાજબી તકેદારી લેવાની રહેશે. તેથી યુનિવર્સિટીના સમાચારો અખબારોમાં સમયમર્યાદામાં પહોંચાડી શકાય.

કુલસચિવ

નં. ક્રમાંકઃ કા/ ૫ /૨૦૧૮.
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
<u>રાજકોટ</u>–૫. તા. ૪–૪–૨૦૧૮.

પ્રતિ,
દરેક વિભાગના વડાઓ/ ભવનોના વડાઓ–અધ્યક્ષશ્રીઓ/નિયામકશ્રીઓ તરફ..

<u>નકલ સાદર રવાના</u> :–
૧. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૨. કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.